SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# "સરદાર વલ્લભભાઈ પટેલ : દેશી રાજ્યોના વિલીનીકરણનો પ્રશ્ન"

**ડૉ.રાજેશ એન.ડાભી**
**આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શ્રી કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધંધુકા**

*** પ્રસ્તાવના :-**

સમગ્ર દેશમાં જ્યારે સ્વતંત્રતાની ઉજવણી થઈ રહી હતી.ત્યારે સ્વતંત્ર ભારત પાસે સૌથી મોટો પ્રશ્ન દેશી રાજ્યોનો વિલિનીકરણનો હતો. દેશમાં તે સમયે નાના મોટા મળીને કુલ 562 દેશી રાજ્યો હતા. આ રાજ્યોનો કુલ વિસ્તાર 7,20,000 ચોરસ માઈલ હતો. તેમની કુલ વસ્તી 9 કરોડ 30 લાખ હતી. આ દેશી રાજ્યોના મોટા રાજ્યોની સંખ્યા 20 હતી.20 મોટા રાજ્યની કુલ વસ્તી 6 કરોડ ૨૦ લાખ હતી.

હિન્દુસ્તાનના રાજ્ય વચ્ચે સમાનતા ન હતી, કોઈ નાના હતા, તો કોઈ મોટા હતા.તો કોઈ રાજ્ય દેશની વચ્ચે આવેલ હતા,તો કોઈ રાજ્ય સરહદ પર હતા. ક્યાંક રાજાઓ હિંદુ તો પ્રજા મુસલમાન,ક્યાંક નવાબ મુસલમાન તો પ્રજા હિન્દુ. આ રજવાડાઓ એમ માનવા માંડ્યા હતા કે તેમને એ અધિકાર આપવામાં આવ્યો છે કે તેઓ ભારત કે પાકિસ્તાન બેમાંથી કોઈ એક દેશ સાથે જોડાઈ શકશે કેટલાક રાજ્યો રાજાઓ તો તેમ પણ માનતા હતા કે તેમના પ્રદેશો હવે સંપૂર્ણ સર્વ સત્તાધિકાર રાજ્ય તરીકે અસ્તિત્વ ધરાવશે. અન્ય રાજ્યો એટલે કે 542 રાજ્યોમાં ત્રણ કરોડ દસ લાખની વસ્તી વેચાયેલી હતી. સૌથી મોટું રાજ્ય હૈદરાબાદ હતું. તેનો વિસ્તાર 82 હજાર ચોરસ માઈલ હતો. જ્યારે તેની વસ્તી એક કરોડ 60 લાખ હતી. બીજા મોટા રાજ્યમાં મૈસૂર, ત્રાવણકોર,ગ્વાલિયર અને કાશ્મીરનો સમાવેશ થતો હતો.(૧)તમામ દેશી રાજ્યોને આઝાદ ભારતમાં સામેલ કરી દઈ એક અને અખંડ ભારતના નિર્માણની તીવ્ર જરૂરિયાત ઊભી થઈ હતી પરંતુ ખરેખર આ એક માથાના દુખાવારૂપ પ્રશ્ન હતો.

સ્વતંત્રતાની જાહેરાત બાદ દેશની ડામાડોળ સ્થિતિને પગભર કરવાની હતી. બે ભાગમાં ભારત વહેંચાતા,પાકિસ્તાન જનારા અને ત્યાંથી આવનારા લોકોના સ્થળાંતરનો પ્રશ્નને હલ કરી દીધા બાદ પાકિસ્તાનથી ભારત આવેલા નિરાધાર આશ્રિતોને ઠેકાણે પાડવાનો સમય આવીને

SHABDBRAHM

ઊભો હતો. સમગ્ર દેશ માટે આ ઘડી કપરી હતી. અને ખરા અર્થમાં કસોટી થવાની હતી.ભારત પહેલાં કરતાં વધારે નિરંકુશ એવા રાજાઓની સત્તા હેઠળ સબડતું હતું. રાજાઓની મહત્વકાંક્ષાને કાબૂમાં રાખીને તેમને ભારતીય સંઘમાં સામેલ કરવાનું કામ કેટલું કપરૂ હતું.તેઓ જેણે કર્યું હોય તે જ જાણે.....

તમામ દેશી રાજયને આઝાદ ભારતમાં સામેલ કરી દઈ એક અને અખંડ ભારતના નિર્માણની તીવ્ર જરૂરિયાત ઊભી થઈ હતી. પરંતુ દેશને એક અને અખંડ બનાવવાનું આ કપરૂ કામ કરે કોણ,આ ખૂબ કઠિન કામ કરવાનું બીડું ઝડપ્યું સરદાર વલ્લભભાઈ પટેલે.......

* દેશી રાજ્યના વિલિનીકરણ પૂર્વેની સ્થિતિ :-

ભારત સરકાર તરફથી આ વિભાગની જવાબદારી સરદાર પટેલને સોંપવામાં આવી હતી. તેમજ પાકિસ્તાન તરફથી આ વિભાગના મંત્રી તરીકે અબ્દુલ હુશબ નિસ્તરની નિયુક્તિ કરવામાં આવી હતી. દેશી રાજ્યોના જટિલ પ્રશ્નોના ઉકેલ લાવવામાં મદદ કરી શકે તેવા વ્યક્તિની તલાશમાં હતા. જે તપાસ કરતા શ્રી વી.પી. મેનન મળી ગયા. શ્રી વી . પી. મેનન તે સમયે નિવૃત્ત થઈને આરામ કરવાની ઈચ્છા ધરાવતા હતા વલ્લભભાઈ પટેલે તેમને મળવા બોલાવ્યા તે સમયે મેનને પોતાની ઈચ્છા જણાવી ત્યારે વલ્લભભાઈ પટેલે હસીને કહ્યું કે.... "તમારે નિવૃત્ત થવાનું નથી, તમારી ખરી જવાબદારી હવે શરૂ થશે. આરામનો આ સમય નથી." વલ્લભભાઈના શબ્દમાં વજન હતું. આ શબ્દ સામેં મેનન કારઇનકાર ન કરી શક્યા. તેમને જવાબદારી સ્વીકારી લીધી.(૨) મેનનના નિર્ણયથી સરદાર અને અન્ય લોકો ખૂબજ ખુશ થયા.નવા વિશ્વાસ સાથે કાર્ય શરૂ કર્યું અને રજવાડવાની પરિસ્થિતિમાં અલગ અલગ રીતે તમને તોલી જોઈ અને દેશના વિલિનીકરણના કામે લાગી ગયા.

ભારત સંઘની સીમામાં આવેલ મુસ્લિમ કે હિન્દુ રાજ્યોને અનેક પ્રકારની લાલચો આપી પાકિસ્તાનમાં સામેલ કરવાના પ્રયત્નો શરૂ થઈ ગયા હતા. તેવી જ રીતે કચ્છ અને બનાસકાંઠાની સરહદો ઉપર આવેલા હિન્દુ રાજ્યોને પાકિસ્તાનમાં ભેળવી દેવાના પ્રયત્નો પણ શરૂ થઈ ગયા હતા. આ ઉપરાંત રાજસ્થાનના બે રાજ્યો જોધપુર અને જેસલમેરને પાકિસ્તાન સાથે જોડવા માટે

મોહમ્મદ અલી જિન્નાએ પ્રયત્ન હાથ ધર્યા હતા. બંને રાજ્યના રાજાને પાકિસ્તાન પણ બોલાવ્યા હતા. તેમાંથી જેસલમેરના રાજાએ તેમના રાજકુમારને પાકિસ્તાન મોકલ્યો હતો. આ રીતે દેશના વિભાજનની ઊભી થનારી અણધારી આફતોનો સામનો કરવો જેવી તેવી વાત ન હતી. તે માટે સરદાર પટેલે અનેક પ્રશ્નોનો સામનો કરી અને આગળ વધ્યા હતા.(૩)

***. સરદાર વલ્લભભાઈ પટેલની દેશી રાજ્યોને કરેલ અપીલ :-**

સરદાર પટેલે એક નિવેદન રાજાઓને મોકલ્યુ અને તેમની નકલ પ્રેસમાં પણ મોકલી. જેમાં લખ્યું હતું કે......

"તમે હિન્દના સંતાનો છો, દેશને તમારા સહકારની આવશ્યકતા છે. હિંદ સંઘ સાથે જોડાવામાં તમારું કોઈ અહિત નહીં થાય. આ ધરતીની ઉજ્જવળ પરંપરા અને સંસ્કૃતિ એકતામાં છુપાય છે. કોંગ્રેસને તમારી સાથે જરા પણ વેર નથી.તમારી ઉપર વર્ચસ્વ જમાવાની કોઈની લગીરી ઈચ્છા નથી. આપણે એક નહીં થઈએ તો અનેક આફતનો સામનો કરવો પડશે. આ સમય સમજદારી દાખવવાનો છે. મતભેદોને ભૂલવાનો છે એકજ માતાના સંતાનો છીએઆપણે સહુ. કોંગ્રેસમાં શ્રદ્ધા રાખજો.તમારી સાથે વાર્તાલાપ કર્યા વગર કોંગ્રેસ કોઈ પગલું નહીં ભરે તેની ખાતરી આપું છું. (૪)

*** સરદાર પટેલના નિવેદનનો પડઘો :-**

સરદાર પટેલની વાણીમાં મીઠાશ, પ્રેમ, સંકેત, વિશ્વાસ હતો. સરદાર પટેલની લાગણી પરિવાર નિવેદનનો પડખો કેટલાક રાજ્યોના હૃદયને સ્પર્શી ગયો એટલું જ નહીં સરદારની બધી પ્રતિભાથી લોર્ડ માઉન્ટબેટન પણ ખૂબ પ્રભાવિત થયા તેમણે પણ સદર પટેલના કાર્યમાં મદદ કરવાનો મનોમન દ્રઢ સંકલ્પ કર્યો સરદાર પટેલના નિવાસસ્થાને તારીખ 10 જુલાઈ 1947 ના રોજ કેટલાક રાજાઓ અને દીવાનોની સભા મળી જેમાં ગ્વાલિયર અને પતિયાલા ના મહારાજાઓ વડોદરા ના દિવાન બીએલ મિત્ર તેમજ પીકાને નદીવાન કે એમ પણ કર પટિયાલા ના દિવાના હરિ શર્મા હાજર રહ્યા હતા. રાજાઓ અને દિવાનો સમક્ષ સરદાર પટેલે એક બાબત રજૂ કરી કે

SHABDBRAHM

જે રાજાઓ ભારત સંઘની બંધારણ સભામાં સામેલ થવા ઇચ્છતા હોય તે આ મુદ્દાના સંદર્ભમાં ભારતની સાથે જોડાઈ જાય.

* **ઓરિસ્સાનો પ્રશ્ન** :-

ઓરિસ્સા અને મધ્ય ભારતના કેટલાક નાના રાજ્યો સ્વતંત્ર રહેવા માંગતા હતા. ઓરિસ્સા સાથે હૈદરાબાદની સીમા મળતી હતી. હૈદરાબાદના નિઝામની દાનત નાના રજવાડાઓને હડપ કરી જવાની હતી. સરદાર વલ્લભભાઈ પટેલને આ વાતની ખબર પડી કે તેઓ ત્યાં તાત્કાલિક પહોંચી ગયા. તા. 13 ડિસેમ્બરે સરદાર પટેલે ઓરિસ્સાના નાના રાજ્યોની એક સભા બોલાવી. તેમને સમજાયું કે..... "તમારી પાસે એવા કોઈ સાધનો નથી કે જેને આધારે તમારું સ્વતંત્ર રાજ્ય ટકી શકે. તમારું કલ્યાણ તો પોતાની બધી જવાબદારીઓમાંથી મુક્ત થઈ જવામાં જ રહેલું છે. જો તમે એમ કરશો તો ભારત સરકાર તમારા અધિકારો, માનમરતબો અને ગૌરવને સુરક્ષિત રાખવાનું વચન આપશે. સરદાર વલ્લભભાઈ પટેલની વાતમાં બધાને વિશ્વાસ બેઠો.(૫) જેમાં ત્રાવણકોર,ભોપાલ, ઇંદોર, જોધપુરના વગેરે રાજ્યના પ્રશ્નનો સરદાર પટેલે કુનેહપૂર્વક પ્રશ્નોનો અંત આવ્યો.

* **જૂનાગઢનો પ્રશ્ન અને આરઝી હકુમતની સ્થાપના** :-

સૌરાષ્ટ્રમાં આવેલું જુનાગઢ એક નવાબી રાજ્ય હતું. વસ્તી હિન્દુઓની, પણ નવાબ મુસલમાન. નવાબનું નામ મહોબ્બતખાન હતું. તેણે જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડી દેવાના પ્રયત્નો શરૂ કર્યા. તેમાંથી સમગ્ર સૌરાષ્ટ્રમાં હાહાકાર મચી ગયો, એટલું જ નહીં સમગ્ર ભારતમાં પણ.તેની ચારેય બાજુના રાજ્યો હિન્દી સંઘ સરકાર સાથે જોડાઈ ગયા હતા. જૂનાગઢના જોડાણ માટે સરદાર પટેલે નવાબ સાહેબ ઉપર જોડાણનો કરાર પત્ર પાઠવ્યો તેનો કોઈ જવાબ આવ્યો નહીં. તા. 13 ઓગસ્ટે 'હિંદી સંઘ તરફથી કરારપત્ર બાબતે પૂછવામાં આવ્યું પરંતુ કોઈ સચોટ ઉત્તર આવ્યો નહીં.

નવાબના નિર્ણય સામે જૂનાગઢની પ્રજાએ બળવો કર્યો સ્થાનિક પ્રજાએ ' આરઝીહકુમત' ની સ્થાપના કરી. ગાંધીજીના ભત્રીજા શામળદાસ ગાંધીએ તેનું સુકાન સંભાળ્યું. માણાવદર, માંગરોળ

અને બાબરીયાવાડે પણ નવાબ વિરુદ્ધ બળવો કર્યો,(૬) સરદારે તેમનું સમર્થન કર્યું અને તાત્કાલિક સૈન્ય મોકલ્યું. નવાબ પોતાના હીરા- ઝવેરાત અને કેટલાક કુતરાઓને લઈને કરાચી ભેગો થઈ ગયો. જુનાગઢનો દિવાન શાહ નવાજ ભુટ્ટો સિંધની મુસ્લિમ લીગનો આગેવાન હતો. મહમદ અલી ઝીન્ના સાથે તેને ગાઢ સંબંધ હતો. 'આરઝી હકુમત'ને ભુટ્ટો સાથે સંઘર્ષ થયો.અંતે ભારત સરકારે જૂનાગઢનો કબજો લઈ લીધો આ રીતે જુનાગઢ ભારતમાં જોડાયુ.

જૂનાગઢની શરણાગતિ પછી ચોથે દિવસે સરદાર પટેલ જુનાગઢ આવ્યા. જૂનાગઢમાં બહાઉદીન કોલેજના મેદાનમાં તેમની મોટી સભા યોજાઈ. ત્યાર પછી વલ્લભભાઈ પટેલ પ્રભાસ પાટણ ગયા. સોમનાથનું ભગ્ન મંદિર જોઈને તેમનું હૃદય દ્રવી ઉઠ્યું.તેમણે મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. તે માટે ગાંધીજી સૂચવ્યું કે લોકોના પૈસા ઉઘરાવીને મંદિરનો જીર્ણોદ્ધાર કરવો જોઈએ. સરદાર પટેલ ગાંધીજીની વાત સાથે સહમત થયા. પછીથી સોમનાથ ટ્રસ્ટની રચના કરવામાં આવી.જેમાં નવાનગરના જામસહેબ દિગ્વિજયસિંહજી એક લાખ રૂપિયાને શામળદાસ ગાંધીએ 50,000 રૂપિયા દાનમાં આપ્યા હતા જામશેખર દિવ્ય સીધી તેના અધ્યક્ષ બન્યા અને કનૈયાલાલ મુનશી ટ્રસ્ટ બન્યા હતા.(૭)આ સરદાર પટેલના જીવન સાથે જોડાયેલી અવિસ્મનીય હતી.

*** સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યઃ -**

ભારત સ્વતંત્ર થયું ત્યારે સૌરાષ્ટ્રમાં જ ૧૪ મોટા રાજ્યો હતા. આ રાજ્યોમાં જૂનાગઢ, ભાવનગર, પોરબંદર,ગોંડલ, નવાનગર,પાલીતાણા, ધાંગધ્રા, જાફરાબાદ, રાજકોટ, ધ્રોલ,વઢવાણ અને લીમડીનો સમાવેશ થતો હતો. બીજા લગભગ ૧૯૧ જેટલા નાના રજવાડાઓ હતા કુલ વસ્તી ૪૦ લાખની હતી. હવે દેશી રાજ્યો ઉપર નિયંત્રણ રાખવા માટે નવી વ્યવસ્થા વિચારવાની હતી. જો એમ કરવામાં આવે નહીં તો બધા રજવાડા અંદરો- અંદર લડી મરે તેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારત સરકાર આ માટે ચિંતિત હતી. તેણે તાત્કાલિક વ્યવસ્થાના ભાગ સ્વરૂપે સૌરાષ્ટ્રના કમિશનર શ્રી એન.એમ.બુચની નિમણૂક કરી હતી.

SHABDBRAHM

સરદાર વલ્લભભાઈએ સૌરાષ્ટ્રના ભાવિ વિકાસ અને એકતા માટે તમામ રાજ્યોનો એક સંઘ રચવાનું વિચાર્યું તે માટે એક યોજના બનાવી હતી જે આ પ્રમાણે હતી.

- એક બંધારણ સભાની રચના કરવી.
- બધા રાજ્યનો એક સંયુક્ત સૌરાષ્ટ્ર સંઘ બનાવવો.
- દર બે લાખની વસ્તીએ પ્રતિનિધિને આ સભા માટે ચૂંટી કાઢવો.
- બંધારણ સભાએ ઘડેલા નીતિ- નિયમોને આધીન રહી આ વિધાન પરિષદે રાજતંત્ર ચલાવવું.

ભારત સરકારે આ યોજના સૌરાષ્ટ્રના રાજવીઓ સામે મૂકી રાજાઓએ યોજના ઉપર ભરપૂર ચર્ચા કરી. છેવટે સૌએ આ યોજના સ્વીકારી લીધી. આ બદલામાં રાજાઓને નિભાવ ખર્ચની રકમ આપવાનું ઠરાવવામાં આવ્યું. જે ૨૨મી જાન્યુઆરી ૧૯૪૯ સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની રચના થઈ.(૮) સંયુક્ત ૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૮.સરદાર વલ્લભભાઈ પટેલ સૌરાષ્ટ્ર સંઘનું ઉદઘાટન કર્યું. સૌરાષ્ટ્રના પ્રથમ રાજપ્રમુખ તરીકે જામ સાહેબનો સોગંદવિધિ થયો. મુખ્યમંત્રી તરીકે શ્રી ઉછરંગરાય ઢેબર નિયુક્ત થયા. ભારતના ભાવ નિર્માણનું મહત્વનું સોપાન મંડાયું. પ્રજાના આનંદનો કોઈ પાર ન રહ્યો. સૌરાષ્ટ્ર સંઘને બાપુના હૃદય પૂર્વકના આશીર્વાદ મળ્યા તેમજ એક નવી દિશા અને એકતા - અખંડિતતા હોય અહેસાસ થયો.

**કાશ્મીરનો પ્રશ્ન** :-

જુનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર, આ ત્રણમાં કાશ્મીરનો પ્રશ્ન સૌથી વિકટ હતો. ત્યાંની ૮૦ ટકા પ્રજા મુસલમાન હતી એટલે સ્થાનિક લોકો તરફથી સહકાર મળવાની કોઈ શક્યતા ન હતી. આ કારણસર કાશ્મીર પહેલાં સરદાર હૈદરાબાદનો પ્રશ્ન ઉકેલવા માંગતા હતા. પરંતુ ત્યાં પાકિસ્તાનને કાશ્મીર પર એકાએક આક્રમણ કર્યું હોવાથી સરદારે તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવું પડ્યું હતું. કાશ્મીરનો રાજા હરિસિંહ હિન્દુ હતા. તે પોતાના રાજ્યને પાકિસ્તાનમાં જોડાવા માંગતા નહોતા. તેમ કરે તો કાશ્મીરના હિન્દુઓનું ઇસ્લામિકરણ થાય.પરંતુ રાજાએ ભારત સાથે જોડાવામાં પણ બહુ રસ દાખવ્યો નહીં. કારણ કે બહુમતી મુસ્લિમ પ્રજાને તેમ કરવા જતા ખોફ વહોરવા પડે. ૨૩ ઓક્ટોબર,૧૯૪૭ના દિવસે પાકિસ્તાને કાશ્મીર પર અણધાર્યું આક્રમણ કર્યું. આ સ્થિતિમાં મહારાજા

હરિસિંહ સરદાર પટેલ સમક્ષ સૈનિક સહાયની માંગણી કરી. સરદારે આ તકનો લાભ લીધો જોડાણખત પર સહી કરો તો મદદ કરીએ. મહારાજા પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી જોડાનખત પર સહી કરી દીધી પરંતુ ત્યાં સુધીમાં તાયફાવાળા શ્રીનગર સુધી પહોંચી ગયા હતા.મહારાજાએ પોતાનો જીવ બચાવવા હિન્દુઓની બહુમતીવાળા જમ્મુમાં આશ્રય લીધો. સરદારના સમયસર ના પગલાએ કાશ્મીર બચાવી લીધું.

* **હૈદરાબાદનો પ્રશ્ન** :-

નિઝામનું રાજ્ય મોટું અને સમૃદ્ધ હતું. કરોડો રૂપિયાના હીરા અને ઝવેરાત તેની પાસે હતી. તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા હતી. સ્વતંત્ર રહીને બ્રિટિશ કોમનવેલ્થમાં સભ્યપદ મેળવવાનો પ્રયાસ કરેલો, પણ તેમાં તેને સફળતા મળી નહિ .હૈદરાબાદનો પ્રશ્ન સરદારે ધાર્યો હતો ચપટીમાં ઉકેલી નાખ્યો હોય પરંતુ માઉન્ટબેટનના કારણે ધીમા ડગલાં ભરતા હતા. ૧૯૪૮માં પૂરી થતી હતી.એટલે સરદારે ત્યાં સુધી ધીરજ ધરવામાં શાણપણ માન્યું. માઉન્ટબેટનના ગયા પછી તેમના સ્થાને રાજાજી ગવર્નર જનરલ બન્યા અને સરદાર પટેલે કામ હાથમાં લીધું.

હૈદરાબાદમાં થયેલી અંધાધુંધી માટે પ્રથમ તો સરદારે આર્થિક નાકાબંધી કડક કરી પછી લશ્કરના વડાઓ સાથે બેસીને પ્રવેશની વ્યુહરચના ઘડી. હૈદરાબાદની કામગીરીને સૈનયે "ઓપરેશન પોલો"નામ આપ્યુ.(૯)

તા.13મી સપ્ટેમ્બરે ભારતીય સૈન્યે હૈદરાબાદમાં પ્રવેશ કર્યો. ચાર જ દિવસમાં સૈન્યે હૈદરાબાદ કબજે કરી દીધું. હિન્દુઓની કતલ કરવાની ધમકી આપનાર રીઝવી ખાટલા નીચે સંતાઈ ગયો અને પછી સ્ત્રીના કપડા પહેરીને પાકિસ્તાન ભાગી ગયો. ત્યાર પછી નિઝામના મંત્રી લાયકઆલી એ પણ પાકિસ્તાની વાટ પકડી લીધી. મેજર જનરલ ચૌધરીએ હૈદરાબાદ રાજ્ય સંભાળી લીધું. આ રીતે હૈદરાબાદનું ભારતમાં વિલનીકરણ થયું.

* **સમાપન** :-

અખંડ ભારતનું સ્વપ્ન હૈદરાબાદના વિલીનીકરણ સાથે પૂર્ણ થયું. વલ્લભભાઈ પટેલની કાર્યપ્રણાલી એક અતિ મહત્વપૂર્ણ અંગ હતું. સમગ્ર વિશ્વમાં ભારતના ઐતિહાસિક સ્વતંત્રતાની

SHABDBRAHM

મનમૂકીને સરાહના કરવામાં આવી. વલ્લભભાઈ પટેલે "અખંડ ભારતના ઘડવૈયાની" પદવી વિલિનીકરણ પ્રક્રિયા સાથે સાંપડી ગઈ. લોર્ડ માઉન્ટબેટન કહેલું કે.... "એક અખંડ રાષ્ટ્ર બનતા ભારતને પંદર વર્ષ લાગશે એમ અમે માનેલું. પણ સરદાર પટેલે એક એવો ચમત્કાર દસ-બાર મહિનામાં જ કરી દેખાડ્યો".

સરદારના સમર્પણ વિના ગાંધીજી કદાચ રાષ્ટ્રપિતા ન બની શક્યા હોત. બાપુ ઉપવાસ કરીને અંગ્રેજ અધિકારીઓને નમાવી શકે, પણ દેશી રાજ્યોનું વિલીનીકરણ ન કરી શકે. એ કામ તો સરદાર જ પાર પાડી શકે. ખુદ ગાંધીજીએ પણ સરદારના કાર્યની મુક્ત કંઠે આ શબ્દોમાં કદર કરી છે કે.... 'સેનાપતિની ચતુરાઈ પોતાનું કારભારી મંડળ પસંદ કરવામાં રહેલી છે. ઘણા માણસો મારી સલાહ માનવાને તૈયાર હતા. પણ મને વિચાર થયો કે ઉપસેનાપતિ કોણ થશે ? ત્યાં મારી નજર વલ્લભભાઈ પર પડી. મારે કબુલ કરવું જોઈએ કે મેં વલ્લભભાઈની પહેલી મુલાકાત લીધી ત્યારે મને એમ થયેલું કે આ અક્કડ પુરુષ તે કોણ હશે ? એ શું કામ કરશે ? પણ હું જેમ જેમ એમના વધારે પ્રસંગમાં આવ્યો તેમ તેમ મને લાગ્યું કે મારે વલ્લભભાઈ તો જોઈએ જ. વલ્લભભાઈ મને ન મળ્યા હોત તે જે કામ થયું છે તે ન જ થાત.'(૧૦)

ભારતના અજોડ શિલ્પીએ એકતા અને અખંડિતતાના રક્ષણ માટે ભારે સાહસ, મુસદગીરી અને બુદ્ધિચાતુર્ય બતાવ્યા. એ અનોખા શિલ્પીએ ભારતનું અનોખુ શિલ્પ કંડાર્યું. ધન્ય છે.. ભારતના તે લોખંડી મહાપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને...

**સંદર્ભ સૂચિ**

(૧) પરીખ અવિનાશ, "ગુજરાતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ", અમદાવાદ,બીજી આવૃત્તિ, ૨૦૨૩,પૃ.૧૧૬.

(૨) પટેલ વિનુભાઈ, "યાદ કરો કુરબાની ! લોખંડી પુરુષની પોલાદી સિદ્ધિ અને આઝાદીના લડવૈયા", અમદાવાદ,બીજી આવૃત્તિ,૨૦૨૧,પૃ.૬.

(૩) પરીખ અવિનાશ, ઉપરોક્ત પુસ્તક પૃ.૧૧૭.

(૪) પટેલ જીતેન્દ્ર,"અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ", અમદાવાદ, ત્રીજી આવૃત્તિ,૨૦૨૩, પૃ.૭૬.

(૫) રાજગોર શિવપ્રસાદ, ગુજરાતનો રાજકિય અને સાંસ્કૃતિક ઇતિહાસ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પૃ.૨૧૫.

(૬) પટેલ જીતેન્દ્ર, ઉપરોક્ત પુસ્તક, પૃ.૭૮

(૭) પાઠક રામનારાયણ," સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ",નવજીવન પ્રકાશન, અમદાવાદ,૧૯૭૫, પૃ.૬૮.

(૮)પટેલ વિનુભાઈ, ઉપરોક્ત પુસ્તક, પૃ.૮૦

(૯)એજન, પૃ.૮૩.

(૧૦) પરીખ નરહરી, "સરદાર વલ્લભભાઈ પટેલ",ભાગ ૧- ૨,નવજીવન પ્રકાશન, અમદાવાદ,૧૯૫૦, પૃ.૩૮.

SHABDBRAHM